

વૈવિધ્ય

# દિવાળી ડાઈનિંગ ડેકોર

દિવાળી વર્ષનો એ યાદગાર સમય હોય છે જયારે ફેમિલી અને ફ્રેન્ડઝ ભેગાં થઇ ઉમંગભેર આ તહેવાર ઊજવે છે. દિવાળી આવતાં જ આપણને પાર્ટી, દિવાળી ડિનર માટેનાં આમંત્રણો મળવા માંડે છે. આ જ એક એવો સમય છે જયારે આપણે હળમળી ખુશીઓ માણીએ છીએ.

દિવાળીના ગેટ ટુ ગેધરમાં એક વસ્તુ જરૂરી છે અને એ છે ખાણીપીણી. સ્વાદિષ્ટ-સોડમયુકત વાનગીથી ભરેલું ટેબલ અને સારી કંપની દીવાળી પાર્ટીને સફળ બનાવે છે. આ દિવાળીએ તમે પણ તમારા પ્રિયજનો માટે પાર્ટીનું આયોજન કરતાં હો તો ટેબલને આકર્ષક અને ગર્મજોશીથી ભરેલું બનાવવા માટે ટેબલના ડેકોરેશન પર વિશેષ ધ્યાન આપો. આ જ એ જગ્યા છે જયાં પ્રિયજન ખુશીના અવસરે મોજમજા કરવા ભેગા થશે.

દિવાળીના ઘર સજાવવાથી માંડી તૈયાર થવા સુધી  દરેક પાસાંની વચ્ચે એક પાસું જે પરિવારનાં દિલમાં એક ખાસ જગ્યા રાખે છે એ છે દિવાળી પાર્ટી ટેબલ સજાવટની કળા. દરેક વ્યક્તિ મેન્યુ, સજાવટ અને બેસવાની જગ્યામાં રુચિ રાખે છે. મોટા ભાગે ડાઈનિંગ એરિયાને ઉત્સવોનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે. એ તહેવારના સમયે રચનાત્મકતાનું કેન્દ્ર બની જાય છે. આ એ જગ્યા છે જયાં સ્વાદિષ્ટ વાનગીઓની લિજ્જત માણવામાં આવે છે, વાતચીત-હસીમજાકનો સિલસિલો ચાલે છે અને સંબંધો મજબૂત બને છે.



ડાઈનિંગ એરિયાને સજાવવાથી તમારા ઈન્ટીરિયરમાં ઉત્સવનો સ્પર્શ આવી શકે છે અને સાથે જ મહેમાનો માટે યાદગાર સંભારણું બની શકે છે.

## માહોલને રોશન કરો

તમારા તહેવારના માહોલને બનાવવામાં રોશનની મહત્ત્વની ભૂમિકા છે. તમારા ડાઈનિંગ ટેબલ ડેકોરેશનમાં જુદી જુદી ખાસ વસ્તુઓનો ઉપયોગ કરી વોર્મ, ઈન્વાઈટીંગ માહોલ બનાવો.

## દીવા

દિવાળી ડેકોરેશનમાં દીવા અવિભાજય અંગ છે. એ અંધકાર પર ઉજાસના વિજયનું પ્રતીક છે અને તે સુખ, સમૃદ્ધિ અને સદનસીબ લાવતા હોવાનું કહેવાય છે. ટેબલની વચ્ચે હાથે બનાવેલાં સુંદર પદ્મ દીવા, સ્ટાર દીવા કે મીઠાઈ કે ફટાકડાના શેપની કેન્ડલ્સ-ચોકલેટ મૂકી ઉત્સવી માહોલ બનાવો.

તમે ટ્રેડિશનલ માટીના દીવા કે મેટલ કે ગ્લાસના મોડર્ન ડિઝાઈનના દીવા પસંદ કરી શકો. દીવા પ્રગટાવી એના સૌમ્ય પ્રકાશથી ડાઈનિંગ રૂમને સકારાત્મકતાથી ભરી દો.

## કેન્ડલ્સ અને ફેરી લાઈટસ

તમારા ડાઈનિંગં ટેબલ ડેકરોશનમાં કેન્ડલ્સ ને ફેરી લાઈટ્સ જાદુઈ અહેસાસ કરાવી શકે છે. એને જુદી જુદી રીતે ગોઠવો અથવા ડેકોરેટિવ કેન્ડલ્સથી સેન્ટરપીસ બનાવો. તમે કેન્ડલ સ્ટેન્ડનો ઉપયોગ કરી એની ઉપર સેન્ટેડ કેન્ડલ્સ પણ મૂકી શકો.

વિભિન્ન પ્રકારની લાઈટ્સનું મિશ્રણ પણ કરી શકાય. ટ્રેડિશનલ દીવા સાથે ફેરી લાઈટસ પણ મૂકી શકાય.

## રંગોળી

કલરીંગ કરોઠી, ચોખા કે ફૂલોની પાંદડીથી આકર્ષક રંગોળી બનાવી શકાય છે. મોટી પ્લેટ કે ડિશમાં ખૂબસૂરત રંગોળી કરી એને ટેબલ પર સેન્ટરપીસ તરીકે મૂકી શકાય. આકર્ષક માહોલ માટે રેડ, ઓરેન્જ, યલો, ગ્રીન જેવા વાયબ્રન્ટ કલર્સનો ઉપયોગ કરી શકાય.

## ફલાવર એરેન્જમેન્ટ

ડાઈનિંગ ટેબલ પર એક કલાસિક ડેકોરેટિવ બાઉલ સુંદરતા અને એલિગન્સનો ટચ આપશે. આ ખૂબસૂરત બાઉલ કેન્ડલ્સથી ઝગમગી રહ્યા હોય કે કલરફુલ ફલાવર્સથી મહેકતા હોય એ ગર્મજોશી, આતિથ્ય અને શાલીનતાનો અહેસાસ આપે છે. ફ્રેશ ફલાવર્સ અને કેન્ડલથી સુશોભિત બાઉલ ડાઈનિંગ ટેબલ પર ખૂબસૂરત કેન્દ્રબિંદુ બની શકે છે.

તમે આખા ઘરને ફૂલોથી મહેકાવવા માટે ડેકોરેટિવ વાઝનો ઉપયોગ પણ કરી શકો. ટેબલની સજાવટ આકર્ષક બનાવવા માટે અલગ અલગ આકાર અને કદનાં ખૂબસૂરત વાસણોમાં ટેબલની મધ્યમમાં ફલાવર્સ, ડેકોરેટિવ ડાળીઓ અને સૂકાં પાંદડાં પણ મૂકી શકાય.  એમાં પાણી ભરી ફૂલોની પાંદડી અને ફલોટીંગ કેન્ડલ્સ પણ રાખી શકો.

મેટેલિક એકસેન્ટનો ઉપયોગ તમારા ડાઈનિંગ રૂમને લકઝરી અને સોફિસ્ટિકેશનનો ટચ આપે છે. રોયલ લુક સર્જવા માટે મેટાલિક બાઉલ, વાઝ કે ડેકોરેટિવ આઈટમ્સનો ઉપયોગ કરી શકાય.

## ટેબલવેર અને કટલરી

તમારા દિવાળી ડાઈનિંગ અનુભવને ઉત્તમ કટલરી અને ટેબલવેરથી યાદગાર બનાવો. આ અવસરની ઉત્સવી ભાવનાને ઉજાગર કરી ડાઈનિંગ ટેબલની સમગ્ર સજાવટને નિખારે એવી વસ્તુઓ પસંદ કરી શકો. તમે એક આકર્ષક માહોલ બનાવવા ટ્રેડિશનલ મોટિફ્સ કે બારીક ઈન્ડિયન ડિઝાઈનનો ઉપયોગ કરી શકો.

આકર્ષક પ્લેટ અને કાચની ક્રોકરી પસંદ કરી શકાય. ડાઈનિંગ સ્પેસને ખૂબસૂરત ટચ આપવા સોના કે ચાંદીના એકસેન્ટ પસંદ કરો. આ એકસેન્ટને ડિનરવેર, નેપ્કિન રીંગ કે ડેકોરેટિવ સેન્ટર પીસમાં સામેલ કરો. અનોખી નેપ્કિન રીંગ ડાઈનિંગ ટેબલને નિજી સ્પર્શ આપે છે.  ટ્રેડિશનલ ભારતીય ડિઝાઈન કે મોટિફવાળી નેપ્કિન રીંગ પસંદ કરી શકાય. આ સિવાય હાથી, ઘોડાનું માથું, બુદ્ધ અને ગણેશજીની મૂર્તિ પણ સકારાત્મકતા, સમૃદ્ધિ અને પર્સનાલિટી પ્રદાન કરે છે.

## ટેબલ રનર

ટેબલ રનરથી ડાઈનિંગ ટેબલને કલરનો સ્પર્શ આપી શકાય છે. ટ્રેડિશનલ ઈન્ડિયન મોટિફસ કે બારીક ભરતકામવાળા ટેબલ રનર પસંદ કરો. ટેબલ રનર દિવાળી ડેકોરમાં એલિગન્સ અને સોફેસ્ટિકેશનનો ટચ આપે છે.

## ટિપ્સ

- સેન્ટરમાં દિવાળી દીવા અથવા ટ્રેડિશનલ લેમ્પ મૂકી ઉત્સવી માહોલ બનાવો.
- વાયબ્રન્ટ લુક માટે દીવાની આજુબાજુ કેન્ડલ, ફ્રેશ ફલાવર્સ અથવા ફ્રૂટસ મૂકો.
- ઓરેન્જ, રેડ કે ગોલ્ડ કલરનાં રનર કે ટેબલ કલોથ પસંદ કરો.
- દિવાળી થીમના ગ્લાસવેર અને ડિનરવેર રાખો.
- દરેક જગ્યાએ ગરમાહટભરી ચમક ઉત્પન્ન કરવા અલગ અલગ સાઈઝ અને આકારની મીણબત્તીનો ઉપયોગ કરી શકાય.
- ટેબલ પર સજાવટની વસ્તુઓ એટલી ઊંચાઈની પણ ન રાખો કે વાતચીતમાં અડચણરૂપ બને.